Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

SVH MEDINT
An ISO 9001 : 2015 Certified Company HEALTHCARE MADE EASY
Wholesale | Retail | Export | Import
કેન્સર • કીડની
કીમોથેરાપી • ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી • ન્યુરો
લીવર • ગેસ્ટ્રો • ઓર્થો
આઈસીયુ.ની
દવાઓ તથા ઈન્જેકશન
Pan India Delivery
Costly Medicines & Injectables at
LOW COST
(Call & Whatsapp) 9978661661

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક
|| શ્રી ગણેશાય નમઃ ||

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS Visit us www.mirchinews.co.in

ભગવતી
કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ
માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર,
નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ,
એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૦ ● અંક : ૩૫ ● સળંગ અંક : ૧૦૨૪ ● પ્રકાશિત તા-૫-૮-૨૦૨૪,સોમવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## હિંદુ સંગઠનનો CMને પત્ર

# શ્રાવણમાં ધાર્મિક સ્થળોની આસપાસની નોનવેજનું વેચાણ બંધ કરવામાં આવે...!!

અમદાવાદ : આજથી શ્રાવણ મહિનો શરૂ થઈ ગયો છે .જેને લઈને હિંદુ સંગઠને મુખ્યમંત્રીને પત્ર લખીને શ્રાવણ મહિનામાં શિવાલયો અને મંદિરોની આસપાસ આવેલી નોનવેજની દુકાનો બંધ રાખવા માંગણી કરી છે. હિન્દુ સંગઠનોએ ચીમકી ઉચ્ચારી છે કે સરકાર દ્વારા કોઈ નિર્ણય ના લેવામાં આવે તો સનાતન ધર્મના સંતોને સાથે રાખીને વિરોધ કરવામાં આવશે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, ભગવા સેનાએ મુખ્યમંત્રીને પત્ર લખીને જણાવ્યું છે કે, સનાતન ધર્મના પવિત્ર પર્વ એટલે શ્રાવણ મહિનો.સેવા પૂજાના પવિત્ર મહિનામાં ખાનપાનથી શુદ્ધ રહેવા અને આજુબાજુના વાતાવરણ શુદ્ધ રહે તે માટે સનાતન મંદિરોની આજુબાજુમાં નોનવેજનું વેચાણ બંધ કરવામાં આવે. મોલની અંદર પણ ખુલ્લામાં નોનવેજ વેચાય છે. મોલમાં વિવિધ વેજી. દુકાન હોય ત્યાં નોનવેજની દુકાનને પરમિશન આપવામાં આવે છે. કોઈપણ બ્રાન્ડ કેમ ન હોય પરંતુ, ખુલ્લામાં નોનવેજનું વેચાણ ના થાય એવી રજૂઆત કરવામાં આવી છે.


કમલ રાવલ KAMAL RAVAL

માનનીય મુખ્યમંત્રી શ્રી ગુજરાત રાજ્ય,સનાતન ધર્મ વિશેષ રજૂઆત,આપને ખાસ વિશેષ સનાતન ધર્મ ના પવિત્ર પર્વ એટલે શ્રાવણ મહિનો પિતા પરમેશ્વર મહાદેવ ની સેવા પૂજાનો પવિત્ર મહિનો ખાનપાન થી શુદ્ધ રહેવું આજુબાજુ નું વાતાવરણ શુદ્ધ રહે એટલા માટે અમારી ખાસ રજૂઆત આપણા સનાતનના મંદિરોની આજુબાજુ માં નોનવેજ નું વેચાણ બંધ કરવામાં આવે મોલ ની અંદર પણ ખુલામાં નોનવેજ વેચાય છે મોલ માં 20 વેજ ની દુકાનો હોય ત્યાં નોનવેજ એક દુકાન ને પરમિશન કેમ આપવી ભલે કોઈ પણ બ્રાન્ડ કેમના હોય ખુલામાં નોનવેજ નું વેચાણ ના થાય એવી આપને વિનંતી કરું છું આજે ઉપવાસ દિકરી દીકરા કરતા હોય અને જેને કોઈ દિવશ નોનવેજ જોયું નથી પછી મોલ ખુલા માં કોઈ સામે ખાવા બેસે તે કેવી રીતિ ચલાવવું બોલો ભારત શાકાહાર હાર ઓળખાય છે માશાહાર થી નઈ અમારો કોઈનો વિરોધ નથી પણ જ્યાં અગાડી વેજનું વેચાણ વધારે છે ત્યાં નોનવેજનું વેચાણ બંધ કરવા મ્યુનિસિપલ કોર્પોરેશનને વિનંતી આવી પરવાનગી ન આપવા અને નોનવેજ બંધ માં વેચાણ થાય જેમાં ખાલી નોનવેજ જ મળતું હોય બાકી ખુલ્લામાં બિલકુલ નઈ,હર હર મહાદેવ, જય શ્રી રામ,

શ્રી કમલભાઈ રાવલ (દાદાસાહેબ)
રાષ્ટિય અધ્યક્ષ શ્રી ભગવા સેના ભારત,
કેન્દ્રીય ધર્મ પ્રચારક

લોકો ઉપવાસ કરતા હોય અને કોઈ દિવસ નોનવેજ ખાતા પણ હોય ત્યારે મોલમાં ખુલ્લામાં લોકો સામે બેસીને નોનવેજ ખાય તે કેવી રીતે ચલાવી શકાય? અમારો કોઈનો વિરોધ નથી પરંતુ, જ્યાં વેજ.નું વેચાણ વધારે છે ત્યાં નોનવેજનું વેચાણ બંધ કરવામાં આવે. મ્યુનિસિપલ કોર્પોરેશનને પણ વિનંતી છે કે, આ પ્રકારના નોનવેજના વેચાણ માટે પરવાનગી કેમ આપવામાં આવે છે?

ભગવા સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલ રાવલે જણાવ્યું હતું કે શ્રાવણ માસમાં મોટા તીર્થ સ્થાનો અને મંદિરોની આસપાસ નોનવેજનું વેચાણ બંધ કરાવવામાં આવે. અમે મુખ્યમંત્રીને રજૂઆત કરી છે. મુખ્યમંત્રી દ્વારા કોઈ નિર્ણય કરવામાં ન આવે તો સનાતન ધર્મના સાધુ-સંતોને સાથે રાખીને આંદોલન કરવામાં આવશે. તમામ MP અને MLA ને પણ રજૂઆત છે તેઓએ પણ આ અંગે વિચારણા કરવી જોઈએ.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે
તમામ ઉપવાસીઓને શુભેચ્છાઓ
પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે
ફરાળી વાનગીઓનો રસથાળ

બફવડા, કટલેશ, ખમણ, ફુલવડી,
પાતરા, વેફર, સ્પે.ફરાળી
ચેવડો, ફરાળી ચવાણું,
સાબુદાણાની ખીચડી મળશે
પંકજભાઈ નાગર (જુના અને જાણીતા) આશિષભાઈ નાગર
જયશ્રી
ચામુંડા ફરસાણ સેન્ટર
ઉમિયા માતાજીના મંદિર પાસે,નવા વાડજ,અમદાવાદ.

શ્રાવણ માસ નિમિત્તે
ફરાળી બફવડા
ફરાળી સાબુદાણા વડા
ફરાળી ફુલવડી
ફરાળી તીખો-મીઠો ચેવડો
કેળા વેફર-બટાકા વેફર
ફરાળી ખમણ-પાત્રા

શ્રી
કૃષ્ણ
(જુના અને જાણીતા)
ફરસાણ કોર્નર

૧૦, નીલધારા શોપીંગ સેન્ટર, રમેશ દાળવડાની બાજુમાં,
વ્યાસવાડી ચાર રસ્તા, નવા વાડજ.M : 9898135489

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## મનપસંદ પોલીસ સ્ટેશન માટે પડાપડી

# અમદાવાદમાં હવે અનેક PIની બદલીની શક્યતા...!?

અમદાવાદ : હાલમાં જ રાજયના IAS IPS અધિકારીઓની બદલી અને પોસ્ટીંગના ઓર્ડર કરવામાં આવ્યા છે. તેવામાં છેલ્લાં ઘણાં દિવસોથી અમદાવાદના અલગ અલગ પોલીસ મથકમાં ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટરની બદલીની ચર્ચાઓ ચાલી રહી છે. તેવામાં તમામ ચર્ચાઓ અને અટકળોનો ટૂંક સમયમાં અંત આવી શકે છે. પોલીસ કમિશનર જી.એસ મલિક દ્વારા ટૂંકા સમયગાળામાં બદલીની યાદી જાહેર કરશે. તેવામાં શહેરના ક્રિમ પોલીસ સ્ટેશન મેળવવા માટે અમુક પોલીસ ઈન્સ્પેક્ટર હવાતિયા મારતા હોય તેવી સ્થિતી સર્જાઈ છે.

મીડિયા રિપોર્ટ મુજબ, અમદાવાદનાં વટવા, વટવા જીઆઈડીસી, નારોલ, વાડજ, સાબરમતી, રાણીપ, નવરંગપુરા, કારંજ, શાહપુર, ગાયકવાડ હવેલી, દરિયાપુર, ઈસનપુર, દાણીલીમડા તેમજ ટ્રાફિકના અમુક પોલીસ સ્ટેશના પીઆઈની બદલીઓ કરવામાં આવી શકે છે. પોલીસ સુત્રો તરફથી મળતી માહિતી અનુસાર આ બદલીઓ શહેર પોલીસ કમિશનર રજા પરથી પરત આવ્યા ત્યારે કરવાની હતી, પરંતુ અમુક કારણોસર કરવામાં આવી ન હતી. તેવામાં આગામી એક સપ્તાહમાં આ બદલીનો ઓર્ડર કરી દેવાય તેવી પુરી શક્યતાઓ સેવાઈ રહી છે. અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ અધિકારીઓને એક જ પોલીસ મથકમાં લાબો સમયગાળો થઈ ગયો હોય અને પોલીસ વિભાગમાં એક પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર એક બે વર્ષથી લાંબો સમય ફરજ બજાવે બાદમાં બદલીને અન્ય પોલીસ મથકે મુકી દેવામાં આવે છે તેવામાં આ જ થીયરીના આધારે અમદાવાદમાં બદલીઓ કરવામાં આવનાર છે. જોકે શહેરના ઈસનપુર અને દરિયાપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં અગાઉ સ્ટેટ મોનિટરિંગ સેલ અને પીસીબી દ્વારા પાડવામાં આવેલા દરોડાના કારણે પીઆઈની બદલી થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

અમદાવાદનાં પૂર્વમાં આવતા અનેક મનપસંદ મલાઈદાર પોલીસ સ્ટેશનના પીઆઈની બદલી કરવામાં આવી શકે છે.તેવામાં તે પોલીસ સ્ટેશનમાં બદલી મેળવવા માટે પોલીસ ઈન્સ્પેક્ટરોમાં પડાપડી જેવો માહોલ જોવા મળી રહ્યો છે, બીજી તરફ મનપસંદ મલાઈદાર પોલીસ સ્ટેશનમાં હાલમાં ફરજ બજાવી રહેલા પીઆઈની અન્ય પોલીસ સ્ટેશનમાં બદલી થઈ જશે તેવી ચીંતા સતાવી રહી છે. શહેરના મનપસંદ મલાઈદાર પોલીસ સ્ટેશન માટે તો અમુક અધિકારી એડિચોટીનુ જોર લગાવી રહ્યા હોય તેવો માહોલ છે પરંતુ પોલીસ કમિશનર દ્વારા અગાઉ પણ બદલીઓ કરીને તમામને ચોંકાવી દીધા હતા તેવામાં આ વખતની બદલીમાં પણ નવાજુની જોવા મળી શકે છે. તેવામાં પોલીસ કમિશનરની આગેવાની કામ કરતી પીસીબી સ્કવોર્ડના પીઆઈ બનવા માટે પણ અમુક પોલીસ ઈન્સ્પેક્ટર સપના જોઈ રહ્યા છે. તેવામાં પોલીસ કમિશનર દ્વારા બદલીની લીસ્ટ તૈયાર કરી દેવામાં આવી હોય અને ગમે તે સમયે જાહેર કરવામા આવે તેવી ચર્ચાએ જોર પકડ્યું છે.

તમને જણાવી દઈએ કે લોકસભાની ચૂંટણી પહેલા અમદાવાદ શહેર પોલીસ કમિશનર અને રાજ્ય પોલીસ વડા દ્વારા અનેક પોલીસ ઈન્સ્પેક્ટરોની બદલી અને અન્ય જિલ્લામાંથી આવેલા પીઆઈને પોલીસ મથકોની જવાબદારી સોંપી હતી. પોલીસ કમિશનર જી.એસ મલિકને અમદાવાદ સી.પી તરીકેનો ચાર્જ લીધાને એક વર્ષ પુર્ણ થઈ ચુક્યું છે, તેવામાં જે પોલીસ ઈન્સ્પેક્ટરો તેમના આવ્યા પહેલાથી અથવા તો લાંબા સમયથી એક જ પોલીસ મથકમાં ફરજ બજાવે છે તેવા પીઆઈની બદલી કરવામાં આવી શકે છે.

## દિલ્હીવાળી થવાનાં એંધાણ, વિદ્યાર્થીઓની સુરક્ષાનું શું?

# પશ્ચિમના અનેક વિસ્તારોમાં ભોંયરાઓમાં ધમધમી રહ્યા છે ટ્યુશન ક્લાસીસો..!!

MIRCHI NEWS EXCLUSIVE MIRCHI NEWS

અમદાવાદ : દિલ્હીમાં શનિવારે (૨૮મી જુલાઈ) મોડીરાતે મુશળધાર વરસાદ પડવાના કારણે ઓલ્ડ રાજેન્દ્રનગરમાં રાવ આઈએએસ કોચિંગ ઈન્સ્ટિટ્યૂટના ભોંયરામાં પાણી ઘૂસ્યાં હતાં, જેના કારણે ત્રણ વિદ્યાર્થીનાં મોત નીપજ્યાં હતાં. સ્ટડી સેન્ટરના બેઝમેન્ટમાં બે વિદ્યાર્થિની અને એક વિદ્યાર્થી ચાર કલાક કરતાં વધુ સમય સુધી બેઝમેન્ટમાં ફસાયેલાં રહ્યાં હતાં. તેમને બચાવવામાં આવે ત્યાં સુધીમાં તેમનાં મોત થઈ ગયાં હતાં.

દિલ્હી ખાતે થયેલા કોચિંગની દુર્ઘટનાને અનુલક્ષીને અમદાવાદની પરિસ્થિતિ જોતાં હાલ અમદાવાદમાં ૫૦૦૦થી વધુ ક્લાસીસ ખીચોખીચ કોઈપણ પ્રકારની પરવાનગી કે સુરક્ષાના ધોરણો વિના જ કોમ્પ્લેક્સ અને ભોંયરાઓમાં ચાલી રહ્યા છે. નોંધણી વગર, સેલરમાં ટ્યૂશન કલાસીસ ચાલે છે.એમાંય ખાસ કરીને શહેરના પશ્ચિમમાં સૌથી વધુ ટ્યૂશન કલાસીસ ઘાટલોડીયા, નારણપુરા, રાણીપ, પાલડી, સેટેલાઈટ, વાડજ વિસ્તારમાં છે. દિલ્હી અને સુરતની દુર્ઘટના પછી મોટા ભાગના વાલીઓ અને શિક્ષણ વિભાગ હજુ પણ કોઈપણ પ્રકારની આ ઘટનામાંથી બોધપાઠ શીખ્યા વિના ચાલતા સંખ્યાબંધ કોચિંગ ક્લાસિસમાં કોમ્પ્લેક્સને સેલરમાં કોઈપણ પ્રકારની સંખ્યાના નિયમોને અવગણીને ભરચક રીતે બેફામ ગેરકાયદેસર ટ્યૂશન ચાલી રહ્યા છે.ટ્યૂશન ગેરકાયદેસર હોવાથી તેને માન્યતા પ્રાપ્ત કશું સર્ટિફિકેશન મળતું નથી. જેના કારણે બધું જ લોલમલોલ ચાલે છે.

### પશ્ચિમમાં સૌથી વધુ ટ્યૂશન કલાસીસ ઘાટલોડીયા, નારણપુરા, ન્યુ રાણીપ, રાણીપ, પાલડી, સેટેલાઈટ, વાડજ વિસ્તારમાં છે...

એકબાજુ આજે પણ શિક્ષકો ટ્યૂશન નથી કરતાં એવી શાળાને લેખિત બાંહેધરી આપે છે, પરંતુ પાછળા બારણે બેરોકટોક ટ્યૂશન કરે છે. બીજી તરફ પ્રાઈવેટ શાળાઓમાં શિક્ષકોનો પગાર પણ એટલો ઓછો છે કે તેને જીવન નિર્વાહ ચલાવવા માટે ટ્યૂશનનો આધાર લેવો પડે છે. એક વર્ગમાં એક વિદ્યાર્થીને બેસવા માટે નિયમ પ્રમાણે આઠ ચોરસ ફૂટ જગ્યા જોઈએ. જેથી તેને પૂરતો ઓક્સિજન મળી શકે. આ માંગણી લોકો શાળા પાસેથી કરે છે પરંતુ જ્યારે તેમનું બાળક ટ્યૂશનમાં ભણવા જાય છે ત્યાં આવા કોઈ સુરક્ષાના કે મોકળાશના નિયમો નથી હોતા છતાં તેને જાણી જોઈને ચલાવી લેવામાં આવે છે

ક્લાસીસ ચલાવતા એક શિક્ષકના જણાવ્યા અનુસાર અમદાવાદમાં ત્રણેક હજાર ટ્યુશન ક્લાસિસ એવા છે કે જ્યાં શિક્ષકો કોમ્પ્લેક્સમાં ભણાવે છે. એક સમય એવો હતો કે માત્ર બેકારીનો સામનો કરતો બી.એડ.ના શિક્ષક જ આર્થિક તકલીફને કારણે ટ્યૂશન કરવા જતા. પરંતુ આજે આ ક્ષેત્રમાં સૌથી વધુ એન્જિનિયરો ટ્યૂશન કરાવી રહ્યા છે.

મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી

દરેક વસ્તુ છુટક તથા જથ્થાબંધ ભાવે મળશે
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૧૫ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ખાખરા, પાપડ, મીઠાઈ, કેક, ઈટાલિયન બ્રેડ, શરબત અને આઈસ્ક્રીમ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

શું આપ આપના બાળકને ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## રાજ્યમાં ૫૬૫ આરોપીઓ સામે ૩૨૩ ગુના દાખલ, ૩૪૩ આરોપીઓની અટકાયત કરાઈ

# વ્યાજખોરો સામે ગુજરાત પોલીસની સ્પેશિયલ ડ્રાઈવ

અમદાવાદ : વ્યાજના ચક્રમાં ફસાઈ ચૂકેલા સામાન્ય નાગરિકોને તેમાંથી મુક્ત કરાવવા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની સુચનાથી ગુજરાત પોલીસ દ્વારા તા. ૨૧ જૂનથી ૩૧ જુલાઈ ૨૦૨૪ સુધી રાજ્યભરમાં ખાસ ડ્રાઇવ યોજવામાં આવી હતી. વ્યાજખોરો સામે ચલાવવામાં આવેલી આ સ્પેશિયલ ડ્રાઇવમાં સમગ્ર રાજ્યમાં પોલીસ દ્વારા ૫૬૫ આરોપીઓ સામે કુલ ૩૨૩ ગુનાઓ દાખલ કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ૩૪૩ આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. સમગ્ર ડ્રાઇવ દરમિયાન રાજ્યભરમાં ૧૬૪૮ લોકદરબાર યોજવામાં આવ્યા હતાં. જેમાં ૭૫ હજાર જેટલા નાગરિકો જોડાયા હતાં. આ લોક દરબારમાં વ્યાજખોરોના ચુંગાલમાં ફસાયેલા નિર્દોષ લોકોએ પોલીસ સમક્ષ પોતાની વ્યથા ઠાલવી હતી. આ લોકદરબારમાં પોલીસ મહાનિરીક્ષક, પોલીસ અધિક્ષક તથા નાયબ પોલીસ અધિક્ષક કક્ષાના ઉચ્ચ અધિકારીઓએ વ્યાજખોરોના દબાણથી પરેશાન નાગરિકોની વેદના ખૂબ જ ધ્યાનથી સાંભળી અને તેઓ લોકોની વચ્ચે ગયા ને તેમની ફરિયાદોના નિકાલ માટે તાત્કાલિક ધોરણે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. રાજ્યભરમાં વ્યાજખોરો વિરુદ્ધ ચલાવાયેલી આ સ્પેશિયલ ડ્રાઇવમાં કોઇ અનધિકૃત વ્યાજખોર બચે નહિ અને કોઈ નિર્દોષ સામે ખોટો કેસ ન થાય તેની ખાસ તકેદારી રાખવામાં આવી છે. પોલીસે કરેલી આ કાર્યવાહીથી અનેક નાગરિકોના જીવન બચ્યાં ઉપરાંત અનેકને પોતાની ફસાઈ ચૂકેલી જીવનભરની મૂડી પરત મળી છે.

## રેરાનો મહત્વનો આદેશ

# બિલ્ડર દ્વારા મિલકતનો બાનાખત રદ કરવામાં આવે તો પૂરા પૈસા પરત આપવા પડે

**કેન્સલેશન ચાર્જ છે એ શેના પેટે લેવામાં આવ્યો છે તેના કોઈ માન્ય કારણો આપવામાં આવ્યા નથી એટલે મહિલાને તેની પૂરેપૂરી રકમ પરત કરવાની રહેશે**

MIRCHI NEWS EXCLUSIVE

અમદાવાદ : ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટી (રેરા) દ્વારા એક મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો છે કે જો બિલ્ડર દ્વારા મિલકત ધારકની મિલકત બાબતે કરવામાં આવેલો બાનાખત રદ કરવામાં આવે તો પછી તેણે મિલકત ધારક પાસેથી લીધેલી પૂરેપૂરી રકમ પરત કરવી પડે. કોઈ પણ જાતના માન્ય કારણ વગર કે ગણતરી વગર મિલકત ધારક પાસેથી મેળવેલી રકમમાંથી કપાત લઈ શકે નહીં. મીડિયા રિપોર્ટ મુજબ, અમદાવાદમાં નવા વાડજ વિસ્તારમાં "સર્વેશ" નામની રહેણાંક અને કોમર્શિયલ સ્કીમ બાંધવામાં આવી છે જેના પ્રમોટર બકેરી પ્રોજેક્ટ પ્રાયવેટ લિમિટેડ છે. આ સ્કીમમાં ૨૦૧૯-૨૦ માં એક મહિલાએ ફ્લેટ બુક કરાવ્યો હતો અને લગભગ જેમાં કેટલીક રકમ બેંક લોન અને વ્યક્તિગત બેંક ખાતાના ચેક મારફતે જમા કરાવી હતી. ત્યારબાદ આ ફ્લેટની કુલ કિંમતની બાકીની રકમ તેણીએ ભરીને દસ્તાવેજ કરવાનો થતો હતો.પરંતુ બિલ્ડર દ્વારા વારંવાર પત્ર વ્યવહાર તેમજ સંદેશા આપવામાં આવ્યા હોવા છતાં આ મિલકતધારક મહિલા દ્વારા ફ્લેટની બાકીની રકમ ભરવામાં આવી નહોતી. આ વાતને ત્રણથી ચાર વર્ષ જેટલો સમય વીતી જતા અને આ મહિલા સાથે પ્રમોટર દ્વારા રજીસ્ટર બાનાખત કરવામાં આવ્યું હોવાથી રેરાના નિયમો મુજબ તેમણે ગુજરાત રિયલ એસ્ટેટ ઓથોરિટીમાં રજીસ્ટર બાનાખત એક તરફી રીતે મંજૂર કરવામાં કેન્સલ કરવા માટે અરજી દાખલ કરી હતી. તે તમામ ઉપરોક્ત વિગતો આપી હતી અને કહ્યું હતું કે મકાન માલિક કોઈપણ રીતે મકાન ખરીદી લેવા બાબતે પ્રતિભાવ આપતા નથી અને આથી બાકીની રકમ પણ ભરતા નથી. આવા સંજોગોમાં બાનખત કેન્સલ કરવા માટે મંજૂરી આપવી જોઈએ

મીડિયા રિપોર્ટ મુજબ, પ્રમોટર દ્વારા કરાયેલ અરજીમાં એવું જણાવાયું હતું કે બેંકને તેની પૂરેપૂરી રકમ પરત કરી દેવામાં આવશે અને મહિલાની પાસેથી કેન્સલેશન ચાર્જ લઈને બાકીની રકમ તેને પરત કરી આપવામાં આવશે.રેરા દ્વારા આ અરજીને મંજૂરી મહોર મારવામાં આવી હતી કે બિલ્ડર છે તે બાનાખત રદ કરી શકશે, પરંતુ એવું જણાવ્યું હતું કે આજે કેન્સલેશન ચાર્જ છે એ શેના પેટે લેવામાં આવ્યો છે તેના કોઈ માન્ય કારણો આપવામાં આવ્યા નથી એટલે મહિલાને તેની પૂરેપૂરી રકમ પરત કરવાની રહેશે. આમ રેરાએ મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે કે જો કોઈ સંજોગોમાં બિલ્ડર દ્વારા એક તરફી રીતે રદ કરવામાં આવે તો પણ તેને પૂરેપૂરી રકમ મકાન માલિકને પરત કરવાની રહે છે.

## AMCના લાંચિયા અધિકારીના

# બેંક લોકરમાંથી મળી આવ્યા સોનાના બિસ્કીટ અને ચાંદીની ઈંટો

અમદાવાદ : AMCના ૨૦ લાખની લાંચ લેતા પકડાયેલા આરોપી હર્ષદ ભોજકનો કેસ અત્યારે ખુબ જ ચર્ચામાં છે. જેમાં અત્યારે અનેક મોટી જાણકારી સામે આવી રહીં છે. આ અધિકારીના ઘરેથી ૭૩ લાખ રોકડા અને ૪.૫ લાખની કિંમતના સોનાના બિસ્કીટ મળી આવ્યા છે. અત્યારે તેમાં મોટા વિગતો સામે આવી છે. જેમાં વાડજની સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા શાખાના બેંક લોકરમાંથી પંચો રૂબરૂ જડતી તપાસ કરતા ૩૦ લાખ રૂપિયાની કિંમતના સોનાના બિસ્કીટ અને ચાંદીના ચોરસા મળી આવ્યા છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, AMC ના ૨૦ લાખની લાંચ લેતા પકડાયેલા આરોપી ભોજકના વાડજની સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા શાખાના બેંક લોકરમાંથી પંચો રૂબરૂ જડતી તપાસ કરતા ૩૦ લાખ રૂપિયાની કિંમતના સોનાના બિસ્કીટ અને ચાંદીના ચોરસા મળી આવ્યા છે. હર્ષદ ભોજકના બેંક લોકરમાંથી સોનાના બિસ્કીટ મળી આવ્યા તેને સીઝ કરવામાં આવ્યા છે. આ સાથે સાથે ૪૦ લાખ રૂપિયા જેટલી રકમના સ્ત્રી પુરુષના ઘરેણા મળી આવ્યા હતા. જે લોકર તપાસ કામે સીઝ કરવામાં આવ્યા છે. જેથી કુલ મળી ૭૦ લાખ જેટલી મતાના દર દાગીના અને સોનાના બિસ્કીટ મળી આવ્યા હતાં. નોંધનીય છે કે, અત્યારે તે તમામ મુદ્દા માલને કબ્જે કરવામાં આવ્યો છે. આ સાથે આ મામલે વધુ કાયદેસરની કાર્યવાહી ચાલી રહીં છે.

મીડિયા રિપોર્ટ મુજબ અમદાવાદ AMC ના આસિ TDO ૨૦ લાખની લાંચ લેતા ઝડપાયેલા હર્ષદ ભોજકે જમાલપુર વોર્ડમાં ૧૦ માળના બિલ્ડીંગનું ગેરકાયદેસર નિર્માણ થવા દીધું હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ પણ થયો છે. જમાલપુર વોર્ડમાં ૧૦ માળના બિલ્ડીંગનું ગેરકાયદેસર નિર્માણ થવા દીધું હોવાનો ચોંકાવનારો ઘટસ્ફોટ પણ થયો છે. જમાલપુર વોર્ડમાં સના એપાર્ટમેન્ટ નામનું ૧૦ માળવનું બિલ્ડીંગ ઉભુ થઇ ગયું હોવા છતાં હર્ષદે કોઇ કાર્યવાહી કરી ન હતી અને તેથી ઓગષ્ટ ૨૦૨૩માં મ્યુનિ.કમિશનરે હર્ષદને શો કોઝ નોટિસ આપીને ખુલાસો પણ પુછ્યો હતો.

### મ્યુનિ. સત્તાધીશો - વહીવટી તંત્ર કુલડીમાં ગોળ ભાંગી રહયા છે

અમદાવાદ : અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશનના પૂર્વ ઝોનમાં આસિસ્ટન્ટ ટીડીઓ તરીકે ફરજ બજાવતા હર્ષદ ભોજક અને તેના મળતીયા એન્જીનીયર આશિષ પટેલ રૂા.૨૦ લાખની લાંચ લેતા ગુરૂવારે એસીબીના હાથે રંગે હાથ ઝડપાયા હતા. આ ઘટનાને ૨૪ કલાક કરતા વધુ સમય થઈ ગયો હોવા છતાં મ્યુનિ. વહીવટી તંત્ર અને શાસકો હજી પણ ઘોર નિંદ્રામાં છે તેમજ આ મામલે હરફ સુધ્ધા ઉચ્ચારવા તૈયાર નથી. પૂર્વ ઝોનના આસિસ્ટન્ટ ટીડીઓ હર્ષદ ભોજક રૂા.૨૦ લાખની લાંચ લેતા ઝડપાયા બાદ તેમના ઘરેથી રૂા.૭૩ લાખની રોકડ અને રૂા.૪ લાખની કિંમતના સોનાના બિસ્કિટ મળી આવ્યા હતા આ અંગે તપાસ કરતા માલુમ પડયું હતું કે હર્ષદ ભોજકે તેમની સત્તા બહારના વિસ્તારમાં કામ કરવા માટે લાંચની માંગણી કરી હતી સામાન્ય રીતે આસિસ્ટન્ટ ટીડીઓ કોઈ પણ રોડને રીડેવલપ કરવા માટે સંપાદન કરેલી જમીન સામે અન્ય જગ્યાએ ટીડીઆર આપી શકે છે તેનાથી વધુ સત્તા તેમની પાસે હોતી નથી. પરંતુ આ કેસમાં હર્ષદ ભોજક અને તેમના મળતીયાએ હદ અને સત્તા બહાર જઈ રૂા.૫૦ લાખની લાંચની માંગણી કરી હતી જેમાં રૂા.૨૦ લાખ લેતા ઝડપાયા હતા. મ્યુનિ. કોર્પોરેશનના વર્ગ-૨ ના અધિકારી આટલી મોટી રકમની લાંચ લેતા પકડાયા હોવા છતાં પણ વહીવટીતંત્રના પેટનું પાણી હલતું નથી તથા આ મામલે કાંઈ પણ કહેવા તૈયાર નથી. તેવી જ રીતે સત્તાધારી પક્ષ અને ખાસ કરીને જે ટાઉનપ્લાનીંગ કમિટીમાં આ વિષય આવે છે તેના ચેરમેન પણ કુલડીમાં ગોળ ભાંગી રહયા છે તથા તમામ પ્રશ્નોના ગોળ ગોળ જવાબ આપી સમગ્ર ઘટના પર ઢાંકપીછોડો કરવા પ્રયાસ કરી રહયા છે. હર્ષદ ભોજક લાંચ લેતા પકડાયા બાદ ગુરૂવારે મધરાતે તેમને ફરજ મોકુફ કરવામાં આવ્યા હતા.

**જોઈએ છે**

**નવા વાડજ વિસ્તારમાં આવેલ પ્રખ્યાત પ્રાથમિક શાળામાં શિક્ષક જોઈએ છે, નજીકના વિસ્તારના ઇચ્છુક મહિલા ઉમેદવારે નીચે આપેલ નંબરનો સંપર્ક કરવો.**

(કોમ્પ્યુટરના જાણકાર હોય, PTC, બી.એડ.થયેલા અથવા કોલેજ કરેલ મહિલા)

(બપોરે ૨ થી ૪ માં જ ફોન કરવો)

M : 9924245001

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ | ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીગ સર્વિસ


## થઈ રહયા છે ધડાધડ બુકિંગ

# જન્માષ્ટમીએ જુગાર રમવા 'રસિકોની ગોવા- નેપાળ, થાઈલેન્ડ, દુબઈ તરફ દોટ..!!

ગુજરાતીઓના શોખ અનેરાઃ ઘર આંગણે પોલીસ કાર્યવાહીથી બચવા 'સેફ હેવન'ની શોધ જેમ જેમ જન્માષ્ટમીના તહેવારો નજીક આવી રહયા છે. તેમ ગુજરાતીઓ તેમના જુગાર મૈત્રીપુર્ણ વાતાવરણ માટે જાણીતા સ્થળોની મુસાફરી બુકીગના નોધપાત્ર વધારો થયો છે. ઘરે ઘરે જુગારની પ્રવૃત્તિઓ પર પોલીસની કડક કાર્યવાહીની બીકે ઘણા ઉત્સાહીઓ રાજયની બહાર અને દેશની બહાર પણ મુસાફરી કરવાનું પસંદ કરી રહયા છે. રાજસ્થાન બોર્ડર, ગોવા, થાઈલેન્ડ, દુબઈ અને નેપાળ જેવા લોકન્યિ સ્થળો પોલીસ તપાસથી બચવા માટે જુગારીઓ માટે ટોચની પસંદગી તરીકે ઉતરી આવ્યા છે. ટ્રાવેલ એજન્ટો આ વર્ષે આ સ્થળો માટે બુકીગમાં વધારો અનુભવી તહેવારોના સમયગાળા દરમ્યાન જુગારીઓ ટ્રાવેલ એજન્ટસ ફેડરેશન ઓફ ઈન્ડીયા ગુજરાત ચેપ્ટરમાં અધ્યક્ષ રોનક શાહે જણાવ્યું હતું કે, ગુજરાતીઓ મુસાફરીના શોખીન છે. અમ ગોવા થાઈલેન્ડ, અને દુબઈ માટે બુકીગમાં વધારો જોઈ રહયા છીએ. આ પ્રવાસે સામાન્ય રીતે એક અઠવાડીયા સુધી ચાલે છે. અને તેમાં કૌટુંબીક રજાઓ અને સીગલ્સ માટે જૂથ બુકીગ બંનેનો સમાવેશ થાય છે. આયોજકો જુગારના બજેટના આધારે કસ્ટમમાઈઝડ વ્યવસ્થાઓ ઓફર કરી રહયા છે. ટેબલ ગેમ્સ માટે રૂ.૫ લાખ કે તેથી ઓછાની દાવ સાથે શહેરની આસપાસ આલીશાન એપાર્ટમેન્ટ બંગલા અઅને ફાર્મહાઉસની વ્યવસ્થા કરવામાં આવી છે. ૫ લાખ કે તેથી વધુના ઉચા દાવ માટે લકઝરી બસોના ઉપયોગ ખેલાડીઓને રાજસ્થાન બોર્ડર રતનપુર બોર્ડર અને નાથદ્વારા હાઈવે પર આવેલી હોટલ અને રીસોર્ટમાં લઈ જવા માટે કરવામાં આવે છે. ઉદયપુર અને ગોવામાં વૈભવી રહેઠાણો સાથે રૂ.૧૦ લાખ અને તેથી વધુની કિમતની હાઈસ્ટેક ગેમ્સ માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આયોજકો આ પ્રીમીયમ પેકેજો માટે મુસાફરી અને રહેઠાણ સહીતના તમામ ખર્ચને આવરી લે છે. આ જુગાર-મૈત્રીપુર્ણ સ્થળોની મુસાફરીની વધતી માંગને કારણે હવાઈ ભાડામાં નોધપાત્ર વધારો થયો છે. ટ્રાવેલ એજન્ટ એસોસીઅશનના જણાવ્યા અનુસાર જન્માષ્ટમી સપ્તાહ માટે હવાઈ ભાડામાં ૨૫-૩૦% નો વધારો થયો છે. સુરક્ષીત અને અવિરત જુગારનો અનુભવ સુનિશ્ચિત કરવા માટે ખેલાડીઓએ ભાગ લેતા પહેલા તેમના મોબાઈલ ફોન અને અન્ય અંગત વસ્તુઓ સબમીટ કરવી જરૂરી છે. આયોજકો જુગારના સત્ર દરમ્યાન મફત આવાસ, ભોજન અને આરામ આપે છે. આ સેવાઓ માટે આયોજકો દરેક રમત માટે ચોકકસ ફી વસુલ કરે છે.

**મિર્ચી ન્યૂઝને ઓનલાઈન જોવા માટે મિર્ચી ન્યૂઝ ફેસબુક www.facebook.com/mirchinews1 સર્ચ કરી લાઈક કરો અને પ્લે સ્ટોર પર mirchinewsને સર્ચ કરી મિર્ચી ન્યૂઝની એપ ડાઉનલોડ કરવા દરેક વાંચકમિત્રોને નમ્ર વિનંતી**




Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.